# હાઈપ્રોફાઈલ હુક્કાબાર શામિયાણામાં ફરી દરોડો





## અલ-રેટીરો અરબી નામથી કાફેની આડમાં ચાલતો હતો હુક્કાબાર : કોબા પાસેની આ હુક્કાબારમાં મોડીરાત્રે સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે દરોડો પાડ્યોઃ હુક્કાબારમાં દમ મારી રહેલા ૨૭ યુવક-યુવતીઓ પકડાયા : વિદેશી દારૂની પાંચ બોટલો પણ મળી આવી : માલિક સહિત ચાર શખ્સોની ધરપકડ : એફએસએલની ટીમ બોલાવાઈ

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર અમદાવાદ હાઈવે ઉપર કોબા પાસે આવેલી શામિયાણા રેસ્ટોરાંમાં મધરાત્રે ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે દરોડો પાડી હાઈ પ્રોફાઈલ હુક્કાબાર પકડી પાડ્યું હતું. કોબા ની આસપાસ આવેલી નેશનલ ઈન્સ્ટિટયૂટ્સના વિદ્યાર્થીઓ પણ આ સ્થળે હુક્કાના દમ મારતા ઝડપાઈ ગયા હતા. ચાર યુવતીઓ સહિત ૨૭ યુવક-યુવતીઓને હુક્કાબારમાંથી પકડાયા હતા. અત્યંત હાઈપ્રોફાઈલ આ હુક્કાબાર માં દુબઈથી લાવવામાં આવેલા હુક્કાઓ અને ફ્લેવર્સ મળી આવ્યા હતા. તે ઉપરાંત આ સ્થળે થી વિદેશી દારૂની ચાર બોટલો પણ મળી આવી હતી. ગાંધીનગર એસઓજીની ટીમે ઉપરોક્ત તમામ મુદ્દામાલ જપ્ત કરીને એફ.એસ.એલ.ની ટીમ તથા તોલમાપ વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમને પણ સ્થળ પર બોલાવી તપાસ શરૂ કરાવી હતી. પકડાયેલા યુવક યુવતીઓના નિવેદનો લઈ ને મુક્ત કરવામાં આવ્યા હતા જ્યારે હુક્કાબારના માલિક, સંચાલક અને મેનેજર સહિત ચારની ધરપકડ કરી તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

એકાદ વર્ષ અગાઉ ગાંધીનગર એલસીબી પી.આઈ જે.ડી પુરોહિતની ટીમે કોબા પાસે આવેલી શામિયાણા રેસ્ટોરામાં દરોડો પાડી જે હાઈપ્રોફાઈલ હુક્કાબાર પકડી સપાટો બોલાવ્યો હતો તે જ સ્થળે ફરીથી હાઈપ્રોફાઈલ હુક્કાબાર શરૂ થઈ ગયું હતું. અલ-રેટીરો નામના અરબી શબ્દ થી શરૂ કરવામાં આવેલા આ હુક્કાબાર મોડી રાત્રે ધમધમતુ હોવાની માહિતી જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાને મળી હતી. ચારેક દિવસથી આ સ્થળ પર વોચ રાખવામાં આવી રહી હતી. દરમિયાન ગઈકાલે મોડી રાત્રે મયુરસિંહ ચાવડાને બાતમીદારે પરફેક્ટ માહિતી આપી હતી કે હાલ આ હુક્કા બાર વ્યવસ્થિત રીતે ધમધમી રહ્યું છે. અને કાફેની આડમાં આ ધંધો ચાલી રહ્યો છે. જેને આધારે રાત્રી પેટ્રોલીંગ માં રહેલા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પી.આઈ પરેશ સોલંકી ને જિલ્લા પોલીસ અધિક્ષકે સૂચના આપતા તેઓ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. બહાર પાર્ક થયેલી ગાડીઓ અંગે વોચમેનને પૂછતા વોચમેને ઉડાઉ જવાબ આપી દીધો હતો કે રોજ રાત્રે કેટલાયે લોકો અહીંયા ગાડી પાર્ક કરીને ક્યાંક જતા રહે છે. વાત ગળે ન ઊતરતાં પોલીસની ટીમ બાજુના બીજા રસ્તે થી અંદરની તરફ ઘુસી ગઈ હતી. આ હુક્કાબાર નો સ્ટાફ વોકીટોકી થી સજ્જ હતો. પોલીસ આવી હોવાના વોકીટોકીમાં મેસેજ થઈ જતા તાબડતોબ સંચાલકો અને માલિક દોડતા થઈ ગયા હતા અને મોટાભાગના મુદ્દામાલ સગેવગે કરવામાં લાગી ગયા હતા. ભુલભુલામણી વાળા રસ્તા પાર કરીને દિવાલ કૂદીને પોલીસ અંદર પહોંચી તો બેફામ હુક્કાબાર ચાલી રહ્યું હતું. ચાર યુવતીઓ સહિત ૨૭ નબીરાઓ આ સ્થળે હુક્કાના દમ મારી રહ્યા હતા. આલીશાન જગ્યા ઉપર એક તરફ સ્વિમિંગ પૂલ તો બીજી તરફ ફાર્મ હાઉસ, બીયર બાર જેવો જ એન્ટિક ગ્લાસ લટકાવેલો બાર, નવાબી બેઠક વ્યવસ્થા અને હુક્કાના ધુમાડાના ગોટા જોઈ પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. પોલીસે આ સ્થળે દરોડો પાડીને પકડાયેલા યુવક યુવતીઓના નિવેદન લઈ સ્થળ પરથી દુબઈના એન્ટિક હુક્કાઓનો જથ્થો, અલગ-અલગ ફ્લેવર્સ, માલ બનાવીને તૈયાર કરીને મુકેલા હુક્કાઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તોલમાપ વિભાગ તથા ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમને બોલાવી લીધી હતી. તે ઉપરાંત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાંથી ફોરેન્સિક ઓફિસર જી પી દરબારને પણ સ્થળ પર બોલાવી તમામ મુદ્દામાલ ના સેમ્પલ લેવડાવ્યા હતા. સ્થળ પરથી કેટલોક શંકાસ્પદ માલ પણ મળ્યો હોવાનું જાણવા મળ્યું છે. જે અંગે પણ એફએસએલમાં સેમ્પલ મોકલી આપવામાં આવ્યા છે. હુક્કા પિતા પકડાયેલા નબીરાઓ મોટાભાગે આસપાસની નેશનલ કોલેજ ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓ હોવાનું જાણવા મળ્યું છે. વગદારોના દિકરા હોવાથી પોલીસ ઉપર પણ ખૂબ પ્રેશર આવ્યું હતું. જોકે પોલીસે મચક ના આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગાંધીનગર એસઓજીની ટીમે શાહિબાગ ખાતે રહેતા હુક્કાબારના માલિક વિપુલ નરેન્દ્ર માણીયા(પટેલ), જીવરાજ પાર્ક ખાતે રહેતા ધર્મિત ઉર્ફે ભોલું શરદ પવાર, એલિસબ્રિજ રહેતા બંટી ગંગારામ કેવલરામાણી અને નોબલનગર રહેતા સત્યા વાસવાણી મળીને ચાર શખ્સો સામે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને ચારેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નોંધનીય બાબત છે કે અગાઉ જ્યારે આ હુક્કાબારમાં દરોડો પડ્યો હતો ત્યારે આ રેસ્ટોરા પણ સીલ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ સીલ ખોલ્યા બાદ ફરી આ શખ્સોએ આ જ ધંધો શરૂ કરી દીધો છે. આ બાબતને ગંભીરતાથી લઈને જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ જણાવ્યું છે કે આ રેસ્ટોરાં ને કાયમી સીલ કરવા હાઈકોર્ટમાં કાર્યવાહી કરવામાં આવશે. તે ઉપરાંત તેમણે ઉમેર્યુ હતુ કે હુક્કા પીતા જે પકડાયા હતા તે આસપાસની મોટી ઈન્સ્ટિટયુટસના વિદ્યાર્થીઓ હોવાનું ધ્યાને આવતા આ ઈન્સ્ટિટ્યૂટના સંચાલકોનુ પણ આ સંદર્ભે ધ્યાન દોરવામાં આવશે. હુક્કા પીતા પકડાયેલા ૨૭ નબીરાઓ માંથી એક કપલ એવું હતું કે જેની ગઈકાલે જ સગાઈ થઈ હતી અને ત્યાં પાર્ટી કરવા આવી હતી.






### પોલીસની તંબુ ચોકીની બિલકુલ પાછળ ધમધમતુ હતું હુક્કાબાર

આ હુક્કાબાર જે સ્થળે બિન્દાસ્ત રીતે ધમધમી રહ્યું હતું તે સ્થળની બિલકુલ સામે જ પોલીસની તંબુ ચોકી આવેલી છે. મધરાત્રે વાહનોના ખડકલા થતા હોવા છતાં આ તંબુ ચોકી પર તૈનાત પોલીસને કોઈ બાબતનો ખ્યાલ ન આવે તે ઉપરાંત સ્થાનિક પોલીસને પણ ખબર ન પડે તે બાબત વધુ ગંભીર છે. હુક્કા બાર નું પાર્કિંગ જ્યાં થાય છે તેની બિલકુલ બાજુ માં તંબુ ચોકી બાંધેલી છે અને ત્યાંથી પસાર થતા તમામ વાહનોનુ ચેકિંગ કરવામાં આવતું હોવાનું પણ રેકર્ડ જણાવી રહ્યું છે. તો ખુલ્લેઆમ ફાર્મમાં ચાલતા આ હુક્કાબારમાથી નીકળતા ધુમાડા અને હુક્કાની દુર્ગંધ તંબુ ચોકી પરની પોલીસને નહિ આવતી હોય તે વાત ગળે ઊતરે તેમ નથી.

### હાઈપ્રોફાઈલ કસીનો પણ ચાલતો હોવાની આશંકા

પોલીસે દરોડો પાડીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું ત્યારે વિદેશી દારૂની પાંચ બોટલો ઉપરાંત પત્તાની કેટનો જથ્થો પણ મળી આવ્યો હતો. જુગાર રમવા વપરાતી કેટનો જથ્થો તો ઠીક પરંતુ કસીનોમાં જે પ્રકારે કોઈન મારફતે હાઈપ્રોફાઈલ જુગાર રમાય છે તેવા કોઈનનો જથ્થો પણ આ જ સ્થળેથી મળી આવ્યો હતો. તે ઉપરાંત બાજુના ફાર્મ હાઉસમાં એક રૂમ પણ એવો મળી આવ્યો તો કે જ્યાં સ્નુકર પુલની બાજુમાં મહારાજા સ્ટાઈલ રૂમ બનાવેલો હતો અને શાહી રીતે જુગાર રમી શકાય તેવી બેઠક વ્યવસ્થા પણ બનાવવામાં આવી હતી. પત્તા અને કોઈનનો જથ્થો પણ જપ્ત કરી દેવામાં આવ્યો છે અને આ સ્થળે હાઈપ્રોફાઈલ કસીનો પણ ચાલતો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

# વૈષ્ણોદેવી પાસે ૧૦૦૦ કરોડના ખર્ચે પાટીદાર એમ્પાવર હબ બનશે

ગાંધીનગર, તા.૩

સમગ્ર વિશ્વના કડવા પાટીદારોને એક તાંતણે જોડવા અને સમાજના છેવાડાના માનવી સુધી શિક્ષણથી લઈ આરોગ્ય સહિતની તમામ સેવા-સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાના ઉમદા આશયથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વૈષ્ણોદેવી સર્કલ પાસે ૧૦૦ વીઘા જમીનમાં આશરે રૂ.એક હજાર કરોડના ખર્ચે વિશ્વકક્ષાનું પાટીદાર એમ્પાવરમેન્ટ હબ બનાવવાનો પ્રોજેકટ હાથ ધરાઈ રહ્યો છે. આ પ્રોજેકટ અંતર્ગત પાટીદારોના કુળદેવી અને જગતજનની ઉમિયા માતાજીનું આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામે તેવું અદ્‌ભુત અને અપ્રીતમ મંદિર આકાર પામશે. તા.૫મી ઓગસ્ટના રોજ બપોરે ત્રણ વાગ્યે આ પ્રોજેકટની પ્રવૃત્તિઓ વેગવંતી બને તે માટે એસજી હાઈવે પર સોલા ભાગવત પાસે ઉમિયા કેમ્પસ ખાતે સંપર્ણ કમ્પ્યુટરાઈઝ્ડ મધ્યસ્થ કાર્યાલય અને પંચામૃત યોજનાઓનું નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિતના અન્ય પ્રધાનો અને મહાનુભાવોના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે એમ અત્રે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ચીફ કો-ઓર્ડિનેટર સી.કે.પટેલ, સંયોજક આર.પી.પટેલ અને ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ પ્રહલાદ કાકાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં કયાંય નહી હોય તેવું ઉમિયા માતાજીનું મંદિર આ પાટીદાર એમ્પાવરમેન્ટ હબમાં આકાર પામશે, જેને જોવું દુનિયાભરના લોકો માટે એક લ્હાવો હશે અને તેને વૈશ્વિક સ્તરના ટુરીઝમ ટેમ્પલ તરીકે વિકસાવવામાં આવશે. આ સિવાય આ વિશ્વકક્ષાના હબમાં કેરિયર ડેવલપમેન્ટ તથા રોજગાર ભવન, હેલ્થ, સ્પોર્ટસ એન્ડ કલ્ચર સંકુલ, આરોગ્ય સારવાર યુનિટ, અદ્યતન સુવિધાયુકત એનઆરઆઈ ભવન, સિનિયર સીટીઝન ભવન, કુમાર-કન્યા અને વર્કીંગ વુમન હોસ્ટેલ, વિધવા-ત્યકતા બહેનો માટે રોજગાર કેન્દ્ર, મેટ્રીમોનીયલ પ્રશ્નોના નિવારણ માટે સમાધાન પંચ, કાયમી લગ્ન કેન્દ્ર, કાનૂની ઈમીગ્રેશન સલાહ કેન્દ્ર સહિતની અનેકવિધ સેવાઓ આ પાટીદાર એમ્પાવરમેન્ટ હબમાં સરળતાથી આમજનતાને ઉપલબ્ધ બનાવાશે.

### નજર નહિ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ટીએમસીના ધારાસભ્ય મહુઆ મોઈત્રાએ કહ્યું હતું કે સોશયલ મીડિયા પર મોનિટરિંગ માટે કેન્દ્ર સરકાર આ કાર્યવાહી કરી રહી છે. જેને કારણે ટ્વિટર, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ઈમેલમાં રહેલા તમામ ડેટા સુધી કેન્દ્ર સરકારની પહોંચ થઈ જશે અને આ વ્યક્તિના ખાનગીપણાના અધિકારનું ખુલ્લેઆમ ઉલ્લંઘન છે. આ અરજી પર અભિષેક મનુ સિંઘવીએ કોર્ટમાં મોઈત્રાની પેરવી કરતા દલીલો રજૂ કરી હતી. સિંઘવીએ કહ્યુ હતુ કે સરકારે અરજીઓ મંગાવી છે અને ટેન્ડર ૨૦મી ઓગસ્ટે ખુલશે. સિંઘવીએ કહ્યુ હતુ કે તેઓ સોશયલ મીડિયા હબ દ્વારા સોશયલ મીડિયાની વિષયવસ્તુઓ પર નજર રાખવા ચાહે છે.

### સમીક્ષા કરશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્પષ્ટ કર્યું હતું કે, જ્યારે એક વાર એસસી-એસટીના આધાર પર તેઓને નોકરી મળી ચુકી હોય તો પ્રમોશન કે બઢતીમાં અનામત માટે ફરીથી ડેટાની શુ જરૂર છે? ત્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ૨૦૦૬ના નાગરાજ ચુકાદા મુજબ સરકાર એસસી-એસટીને પ્રમોશનમાં અનામત ત્યારે જ આપી શકે છે કે જ્યારે ડેટાના આધાર પર નક્કી થયેલું હોય કે તેમનું પ્રતિનિધિત્વ ઓછું છે અને તે પ્રશાસનની મજબૂતી માટે પણ જરૂરી છે.

### ઘર વાપસી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગેરકાયદે તત્વોને બહાર ખડેદવા તે રાષ્ટ્રવાદી કામ છે અને અમે તેના માટે કેન્દ્ર સરકારને અભિનંદન આપીએ છીએ. ગેરકાયદે રહેવાસીઓ ભેલ બાંગ્લાદેશી, શ્રીલંકન, પાકિસ્તાન કે રોહિંગ્યા મુસ્લિમો હોય, તેમને દેશ બહાર કરવો જોઈએ. જે આસામમાં થયું છે તે કાશ્મીરમાં પણ થયું હતું,' આસામમાં એનઆરસી ડ્રાફ્ટના મુદ્દે દેશનું રાજકારણ ગરમાયું છે. ગૃહમંત્રી રજાનાથ સિંહે આજે સાંસદમાં જણાવ્યું હતું કે આ મુદ્દે ખોટો ડર ઊભો કરવામાં આવી રહ્યો છે. કોઈએ ગભરાવાની જરૂર નથી કોઈની પણ સામે કડક કાર્યવાહી નહીં થાય. વિવિધ રાજકીય પક્ષો ભાજપને આ મુદ્દે ઘેરવા પ્રયાસ કરી રહ્યા છે. વિપક્ષોએ એવો આક્ષેપ કર્યો છે કે ભાજપ ભારતના જ નાગરિકોને તેમના દેશમાં રેફ્યુજી ઠરાવી રહ્યું છે. જ્યારે ભાજપે આ મુદ્દે વળતો પ્રહાર કરતા જણાવ્યું હતું કે દેશની સુરક્ષાનો મુદ્દો તેમના માટે ટોચનો છે અને વિપક્ષો ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. 'દેશની સુરક્ષા માત્ર આસામના ૪૦ લાખ ઘૂસણખોરોથી ખતરો નથી. કાશ્મીરમાં સ્થિત દિવસને દિવસે બદતર બની રહી છે.

### 'શરમકથા' બની

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સોંપવામાં આવી હોઈ તેવોનો વ્યવહાર મિલ્કતધારકો સાથે વિનયપૂર્વકનો હોય તેવી તાલિમ આપો. આ કર્મચારીઓને કામચલાઉ મનપાએ ઓળખપત્ર પણ આપવા જોઈએ એટલુ જ નહિ મનપાના જવાબદાર કર્મચારીઓને પણ તેમની સાથે રાખવા જોઈએ.

મ્યુનિ. કમિશ્નરે તેમની આ રજુઆતનો સ્વીકાર કર્યો હતો. જોકે તેમણે એવી સ્પષ્ટતા કરી હતી કે નવી આકારણી કરવાથી મિલ્કતવેરાની આવક વધે તે જ હેતુ છે. આ રિસર્વેની કામગીરી સ્માર્ટ-સીટી મિશન હેઠળ કરવામાં આવી રહી છે. ૫૦ જેટલા એજન્સીના કર્મચારીઓ કામ કરી રહ્યા છે અને તેમને તાલિમ આપવા સહિતની બાબતો માટે મનપાનું મન ખુલ્લુ હોવાનુ જણાવ્યુ હતુ.

શહેરના આંતરિક માર્ગોની સફાઈના મુદ્દે મ્યુનિ. કમિશ્નરે જણાવ્યું હતું કે ટેન્ડર લગભગ તૈયાર થઈ જવામાં છે અને ટૂંકમાં તે જારી કરી દેવાશે. તેમણે એકરાર કર્યો હતો કે વિલંબ થયો છે પણ અન્ય નગરોની પ્રથા તેમજ શરતો વિગેરે બાબતોને લઈ અભ્યાસ કરવો જરૂરી હતો. આપણે ત્રણ વર્ષ માટે એજન્સી સાથે કરાર કરવાનો થતો હોઈ તે માટે પુખ્ત વિચારણા કરવી જરૂરી હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ.

એક તબક્કે કોંગ્રેસી સભ્યોએ સફાઈવેરો નાબુદ કરો આ સમયગાળા પુરતો. તેવો આગ્રહ કર્યો હતો પરંતુ મેયર તે મુદ્દે સહમત થયા ન હતા અને જણાવ્યુ હતુ કે તંત્રને કામ કરવાની પુરતી મોકળાશ હોવી જોઈએ તેવો મારો સ્પષ્ટ મત છે. તમારી રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

આજની આ સામાન્યસભામાં વિપક્ષ કોંગ્રેસે મહત્વના મુદ્દાઓ રજુ કર્યા હતા. ગ્રાન્ટ કાઉન્સીલરોની વપરાયા પહેલાં કપાત થઈ હતી હોવાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસી સભ્યોએ કર્યો હતો. રાકેશ પટેલ અને જયરાજસિંહ વાઘેલાએ તેમના વોર્ડમાં આર.ઓ. પ્લાન્ટ મુકવા, ખુરશી આપવા તેમજ તિજોરી જાહેર સંસ્થાનોને આપવા માટે વારંવારની રજુઆત પછી પણ હજુ સુધી પહોંચી નથી. અમે પણ વસાહતીઓ અને સંચાલકો સમક્ષ જુઠ્ઠુ બોલી થાકી ગયા છીએ શરમ આવે છે.

કમિશ્નરે સ્પષ્ટતામાં જણાવ્યુ હતુ કે આ માટેના ટેન્ડર આવી ગયા છે અને ઝડપથી તે મળી જશે તે બાબતે ખાસ ધ્યાન આપશે.

કોંગીના પીન્કીબેન પટેલે જળસંચય યોજનાના મુદ્દે શહેરમાં જ નક્કર કામગીરી નથી થઈ તેવો પ્રશ્ન ઉભો કરવાનો પ્રયાસ કર્યો હતો પણ ત્યારે તે બાબત એજન્ડામાં સમાવાયેલી હોઈ અને મંજૂરી મળી ગઈ હોવાથી ચર્ચાને આગળ વધતી મેયરે અટકાવી હતી.

### સફાયો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અધિકારીઓ અને કર્મચારીઓને જવાબદારી સોંપી દીધી છે. આજે ગુડાનુ તંત્ર મેનપાવર અને મશીનરી સાથે દબાણો પર ત્રાટકયુ હતુ. આ દરમિયાન ગાંધીનગર કોબા હાઈવે પર સ્થિત ૧૬ જેટલા કોર્મશિયલ બિલ્ડીંગોને અનુલક્ષી વિવિધ પ્રકારના દબાણો દુર કરાયા હતા. જયારે પાર્કીંગ વિસ્તારમાંથી પણ ૬૦ જેટલા દબાણો તોડી નાંખવામાં આવ્યા હતા. જેમાં ખાણીપીણીના શેડ અને ૪૦ જેટલા લારી ગલ્લાના દબાણો પણ દુર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન પ્રમુખ આર્કેડ બિલ્ડીંગને અડીને ઉભેલી બે પાકી દુકાનો પણ દબાણમાં આવતા તોડી નાંખવામાં આવી હતી. ગુડા વિસ્તારમાં પણ વિકાસના નવતર કામો વચ્ચે કુડાસણ સહીતના વિસ્તારમાં અનેકવિધ કોર્મશિયલ બિલ્ડીંગો અસ્તિત્વમાં આવ્યા છે.

જયારે અનેકવિધ સુવિધાઓ વચ્ચે દુવિધારૂપ બનતા દબાણો પર તંત્રએ આજે બુલડોઝર ફેરવી દીધુ હતુ. ગુડા વિસ્તારમાં વધતી દબાણની સમસ્યાને લીધે પાર્કીંગ તેમજ ટ્રાફિકની સમસ્યા શિરદર્દ સમાન બની છે. કુડાસણ વિસ્તારમાં માર્ગ વચાળે જ વાહનો પાર્ક કરી દેવાતા સાંકડા માર્ગ પરથી વાહન કાઢવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.આવા સંજોગોમાં દબાણો દુર કરવા માટે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શનિવારે પણ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

# ગરવી ગુર્જરી આંતરરાષ્ટ્રીય બાયર-સેલર મીટનો પ્રારંભ

## પરંપરાગત હસ્તકલા-હાથશાળ કારીગરીને વૈશ્વિક મંચ આપવા સરકાર કટિબધ્ધ : બાયર્સ અને સેલર્સનો મેળાવડો

ગાંધીનગર,તા.૩

ગુજરાત રાજ્યના હેન્ડલૂમ અને હેન્ડિક્રાફ્ટ સેક્ટરને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત સ્ટેટ હેન્ડલૂમ એન્ડ હેન્ડિક્રાફ્ટ્સ



ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ગરવી ગુર્જરી-૨૦૧૮ આંતરરાષ્ટ્રીય બાયર -સેલર મીટનો ભવ્ય પ્રાંરભ કરવામાં આવ્યો હતો. ૧૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય ખરીદદારો અને ભારતના વિવિધ રાજ્યોનું પ્રતિનિધિ કરતાં ૨૦૦ ખરીદદારો આ ચાર દિવસીય મેગા પ્રમોશનલ ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યાં છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતના કારીગરો અને ખરીદદારો વચ્ચે બીરબી મીટીંગની ગોઠવણ કરવાનો છે. આ આંતરરાષ્ટ્રીય બાયર-સેલર મીટનું ઉદ્‌ઘાટન કરતાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, પરંપરાગત હસ્તકલા-હાથશાળ કારીગરી માટે ગુજરાત સરકાર અદ્યતન સુવિધાઓના નિર્માણ માટે પ્રતિબધ્ધ છે. ગુજરાતની ભાતીગળ હસ્તકલા હાથશાળ કારીગરીના ગ્રામીણ કુશળ કારીગરો-કસબીઓને સ્વનિર્ભરતાના અવસરો આપવા સરકારે રૂ. ૪૫૦ કરોડ કુટિર અને ગ્રામોદ્યોગ હેઠળ બજેટમાં ફાળવ્યા છે. આ બાયર સેલર મીટ રાજ્યના નાના-ગ્રામીણ કારીગરો માટે એક ઉત્તમ મંચ બનશે અને તેમની ચીજવસ્તુઓને વૈશ્વિક ખરીદદારો મળી રહેશે. આ મીટ ગુજરાતના વેચાણકારો અને આંતરરાષ્ટ્રીય ખરીદદારો બંન્ને માટે વિન-વિન સીચ્યુએશન બનશે. તેમણે ઉમેર્યુ હતું કે બી-ટુ-બી મિટીંગને પરિણામે નેટવર્કીંગનો પણ વ્યાપક લાભ અને



અવસરો ગ્રામીણ કારીગરોને ઘર આંગણે બેઠા પ્રાપ્ત થશે. આ પરંપરાગત અને પેઢીગત વ્યવસાયનો વારસો હવેની યુવા પેઢી જાળવી રાખે. સાથોસાથ ઈન્ટરનેટ, ગુગલ જેવા માધ્યમોથી વિશ્વના પ્રવાહોને અનુરૂપ ઈનોવેશન્સ અને ઉત્પાદનોમાં ચેન્જ લાવે તે સમયની માંગ છે તેમ પણ યુવા હસ્તકલા કારીગરોને પ્રેરણા આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. ગુજરાતમાં મુખ્યમંત્રી ગ્રામોદય યોજના અન્વયે ગ્રામીણ પરંપરાગત વ્યવસાયો-હસ્તકલા કારીગરોને ૬ ટકા વ્યાજ સબસીડી યોજનાની ભૂમિકા પણ તેમણે આપી હતી. ગરવી ગુજરાતી પ્રોડક્ટ્સના ઓનલાઈન વેચાણની સુવિધા આપતી વિશેષ મોબાઈલ એપ પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લોન્ચ કરી હતી. યુએસએ, યુકે, જર્મની, ન્યુઝિલેન્ડ, કેન્યા, શ્રીલંકા અને ભુટાન સહિતના ૨૫ દેશોના આંતરરાષ્ટ્રીય ખરીદદારો આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યાં છે. એક વિશેષ પ્રદર્શનમાં ગુજરાતના ૩૦થી વધુ આર્ટ એન્ડ ક્રાફ્ટ્સનું પ્રદર્શન કરાઈ રહ્યું છે, જે દ્વારા રાજ્યની રચનાત્મક અને વાઈબ્રન્ટ ડિઝાઈનને દર્શાવાશે. બીજા મુલાકાતીઓ તા.૫અને ૬ ઓગસ્ટના રોજે આ મીટમાં ઉપસ્થિત રહેશે. ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકળા વિકાસ નિગમ લિમીટેડના એમ.ડી. એ.કે. જહાએ આભારવિધિ કરીને તમામને ઈન્ટરનેશનલ બાયર સેલર મીટની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.